પયગંબરોના ગુણો

કેટલીક ખૂબીઓ અને ગુણો એવા હોય છે, જેનું અલ્લાહના રસૂલો (પયગંબરો)માં હોવું અનિવાર્ય હોય છે. તેમાં બધા પયગંબરો સમાન હોય છે, એટલે કે તે નુબૂવ્વત (પયગંબરી) અને રિસાલત (ઈશદૂતત્વ)ની અનિવાર્ય શરતો હોય છે. તે આ પ્રમાણે છે :–

સદાકત (સચ્ચાઈ, Truthfullness) : બધા પયગંબરો અને રસૂલો સાચા હોય છે. કોઈપણ રીતે તેમના પર જૂઠનું આરોપણ અસંભવ હોય છે. અલ્લાહ તઆલાની સાક્ષી છે, ફરમાવ્યું :

﴿ وَصَدَقَ ٱلْمُرْسَلُونَ ﴿٥٢﴾ ﴾ ياسين: ٥٢

અનુવાદ : ''અને રસૂલોએ સાચું-સાચું કહી દીધું હતું.'' (સૂરઃ યા-સીન, આ.૫૨)

તમામ પયગંબરોનું ચરિત્ર અને તેમનું આચરણ તેનું વ્યવહારૂ પ્રમાણ છે. અંતિમ યુગના પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ને કુરૈશ લોકો પયગંબરી પહેલાં જ 'સાદિક' (સત્યનિષ્ઠ) અને 'અમીન' (પ્રમાણિક, અમાનતદાર)ના ઉપનામથી પોકારતા હતા.

અમાનતદાર (ભરોસાપાત્ર, Trustworthiness) : બધા રસૂલો અમાનતદાર હોય છે. એ અસંભવ છે કે તેઓ નાનકડી પણ અપ્રમાણિકતા આચરે. તેઓ જાહેર અને છુપી, એમ દરેક રીતે તેનાથી પવિત્ર હોય છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَمَا كَانَ لِنَبِيٍّ أَنْ يَغُلَّ ﴿١٦١﴾ ﴾ آل عمران: ١٦١

અનુવાદ : ''અસંભવ છે કે પયગંબરથી અપ્રમાણિકતા થઈ જાય.'' (સૂરઃ આલે ઈમરાન, આ.૧૬૧)

બૌદ્ધિકતા અને તીવ્ર સમજશક્તિ (Intellectuality and Intelligence) : અલ્લાહના પયગંબરોની મૂળભૂત જવાબદારી જ એ હોય છે કે તેઓ સમાજના સર્વે લોકોને અલ્લાહનો સંદેશ પહોંચાડે. એ રીતે તેમને સમાજના દરેક વર્ગનો પ્રત્યક્ષરૂપે સામનો કરવો પડતો હોય છે. પોતાની જવાબદારીને સારી રીતે અદા કરવા અને માર્ગના અસંખ્ય અવરોધો પર કાબૂ મેળવવા માટે અલ્લાહ તઆલા તેમને વિશિષ્ઠ બુદ્ધિચાતુર્ય, સમજદારી અને દૂરંદેશીથી નવાજે છે.

હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ને હજુ નબી બનાવવામાં આવ્યા નહોતા કે કુરૈશ લોકોમાં 'હજ્રે અસ્વદ' (દિવ્ય કાળો પથ્થર)ને ઉઠાવીને દીવાલમાં સ્થાપિત કરવામાં મતભેદ થઈ ગયો અને લાગતું હતું કે લોહીની નદીઓ વહી નીકળશે. મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ એ માત્ર પોતાના બુદ્ધિચાતુર્ય અને સમજદારીથી આ મામલાને એવી

www.uzairfalahi.com

રીતે હલ કરી દીધો કે આખો ઝઘડો જ સમાપ્ત થઈ ગયો અને દરેક આપના નિર્ણયથી રાજી થઈ ગયો. આપ ﷺ એ ચાદરમાં 'હજે અસ્વદ'ને મૂક્યો અને બધા કબીલાઓના સરદારોને કહ્યું કે ચાદરને ઉઠાવે. જ્યારે 'હજે અસ્વદ' દીવાલની પાસે પહોંચી ગયો, તો આપ ﷺ એ ઉઠાવીને તેને દીવાલમાં સ્થાપિત કરી દીધો. મામલા અંગે ઊંડી સૂઝબૂજ અને દૂરંદેશીનું આવું જ ઉદાહરણ હઝરત ઈબ્રાહીમ عليه السلام ના જીવનમાંથી પણ મળે છે. ખુદાઈ (ઈશ્વર હોવાનો) દાવેદાર નમરૂદ સાથે અલ્લાહના ગુણો વિશે વાર્તાલાપ થઈ રહ્યો હતો. હઝરત ઈબ્રાહીમ عليه السلام એ ફરમાવ્યું : મારો રબ (પ્રભુ-પાલનહાર) એ છે, જે જીવન અને મૃત્યુનો માલિક છે. શક્તિના નશામાં ચૂર મૂર્ખ અને અણસમજ નમરૂદ હઝરત ઈબ્રાહીમ عليه السلام ની વાતને જ પામી ન શક્યો. પોતાની મૂર્ખતાના પુરાવારૂપે તરત જ કેદખાનામાંથી બે કેદીઓને બોલાવ્યા. એકને મારી નાખ્યો, બીજાને છોડી દીધો અને કહ્યું કે જુઓ, જીવન અને મૃત્યુ મારા અધિકારમાં છે. હઝરત ઈબ્રાહીમ عليه السلام પોતાના ઈશ્વરદત્ત બુદ્ધિચાતુર્યથી સમજી ગયા કે આ માણસ કેટલો મૂર્ખ અને બુદ્ધિહીન છે. તેની બુદ્ધિના ધોરણને સામે રાખીને આપ عليه السلام એ કહ્યું કે મારો રબ એ છે, જે સૂર્યને પૂર્વથી કાઢે છે, જો તું ખુદા (ઈશ્વર, ભગવાન) છે તો તેને પશ્ચિમથી કાઢીને બતાવી દે. આ સાંભળીને નમરૂદ અચંભિત રહી ગયો :

﴿أَلَمْ تَرَ إِلَى ٱلَّذِى حَآجَّ إِبْرَٰهِـۧمَ فِى رَبِّهِۦٓ أَنْ ءَاتَىٰهُ ٱللَّهُ ٱلْمُلْكَ إِذْ قَالَ إِبْرَٰهِـۧمُ رَبِّىَ ٱلَّذِى يُحْىِۦ
وَيُمِيتُ قَالَ أَنَا۠ أُحْىِۦ وَأُمِيتُ ۖ قَالَ إِبْرَٰهِـۧمُ فَإِنَّ ٱللَّهَ يَأْتِى بِٱلشَّمْسِ مِنَ ٱلْمَشْرِقِ فَأْتِ بِهَا مِنَ ٱلْمَغْرِبِ
فَبُهِتَ ٱلَّذِى كَفَرَ ۗ وَٱللَّهُ لَا يَهْدِى ٱلْقَوْمَ ٱلظَّٰلِمِينَ ﴿٢٥٨﴾﴾ البقرة: ٢٥٨

અનુવાદ : ''શું તમે એ વ્યક્તિની દશા પર વિચાર કર્યો નથી, જેણે ઈબ્રાહીમ સાથે વિવાદ કર્યો હતો ? વિવાદ એ વાત માટે કે ઈબ્રાહીમનો રબ કોણ છે, અને એ કારણે કે તે વ્યકિતને અલ્લાહે શાસન આપેલું હતું. જયારે ઈબ્રાહીમે કહ્યું, ''મારો રબ (માલિક અને પાલનહાર) તે છે, જેના અધિકારમાં જીવન અને મૃત્યુ છે.'' તો તેણે જવાબ આપ્યો, ''જીવન અને મૃત્યુ મારા અધિકારમાં છે.'' ઈબ્રાહીમે કહ્યું, ''સારું, અલ્લાહ સૂર્યને પૂર્વમાંથી કાઢે છે, તું જરા તેને પશ્ચિમમાંથી કાઢી લાવ.'' આ સાંભળી તે સત્યનો ઈન્કાર કરનાર ચકિત થઈ ગયો, પરંતુ અલ્લાહ જાલિમોને સીધો માર્ગ દેખાડતો નથી.'' (સૂરઃ બકરહ, આ.૨૫૮)

ઈસ્લામનો પ્રચાર-પ્રસાર : અલ્લાહ તઆલા પોતાના માર્ગદર્શન તેમજ પોતાના આદેશો અને ફરમાનોને બંદાઓ સુધી પહોંચાડવા માટે તેમનામાંથી જ એકની પસંદગી કરે છે અને તેને રિસાલત (ઈશદૂતત્વ) અને નુબૂવ્વત (પયગંબરી)ના હોદ્દા પર બિરાજમાન કરે છે. હવે એ કેવી રીતે સંભવ હોઈ શકે છે કે એક જવાબદારીને અદા કરવા માટે એક વ્યક્તિને નિયુક્ત કરવામાં આવે અને એ જ જવાબદારીને તે અદા ન કરે. એ અસંભવ છે કે અલ્લાહના રસૂલ (ઈશદૂત) અલ્લાહના માર્ગદર્શનને તેના બંદાઓ સુધી ન પહોંચાડે અથવા તેમાંથી થોડુંક છુપાવી લે અથવા તેમાં થોડીક સુસ્તીથી કામ લે ? અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

www.uzairelahi.com

﴿ مَّا عَلَى ٱلرَّسُولِ إِلَّا ٱلْبَلَٰغُ ﴿٩٩﴾ ﴾ المائدة: ٩٩

અનુવાદ : ''રસૂલના શિરે માત્ર પહોંચાડવાનું છે.'' (સૂરઃ માઈદા, આ.૯૯)

આગળ ફરમાવ્યું :

﴿ يَٰٓأَيُّهَا ٱلرَّسُولُ بَلِّغْ مَآ أُنزِلَ إِلَيْكَ مِن رَّبِّكَ ﴿٦٧﴾ ﴾ المائدة: ٦٧

અનુવાદ : ''હે રસૂલ ! જે કંઈ પણ તમારા તરફ તમારા રબ તરફથી અવતરિત કરવામાં આવ્યું છે, પહોંચાડી દો.'' (સૂરઃ માઈદા, આ.૬૭)

હઝરત નૂહ ﷷ ના સંદર્ભમાં કુર્આન કહે છે :

﴿ قَالَ يَٰقَوْمِ لَيْسَ بِى ضَلَٰلَةٌ وَلَٰكِنِّى رَسُولٌ مِّن رَّبِّ ٱلْعَٰلَمِينَ ﴿٦١﴾ أُبَلِّغُكُمْ رِسَٰلَٰتِ رَبِّى وَأَنصَحُ لَكُمْ وَأَعْلَمُ مِنَ ٱللَّهِ مَا لَا تَعْلَمُونَ ﴿٦٢﴾ ﴾ الأعراف: ٦١ - ٦٢

અનુવાદ : ''નૂહ ﷷ એ કહ્યું : હે મારી કોમના ભાઈઓ ! હું કોઈ પથભ્રષ્ટતામાં નથી પડ્યો, બલ્કે હું સૃષ્ટિઓના રબનો રસૂલ છું, તમને તમારા રબના સંદેશાઓ પહોંચાડું છું, તમારો હિતેચ્છુ છું અને મને અલ્લાહ તરફથી એ બધી વાતોની ખબર છે, જેની તમને ખબર નથી.'' (સૂરઃ આ'રાફ, આ.૬૧-૬૨)

હઝરત મુહમ્મદ ﷺ પર જ્યારે આ આયત — ﴿ وَأَنذِرْ عَشِيرَتَكَ ٱلْأَقْرَبِينَ ﴿٢١٤﴾ ﴾ الشعراء: ٢١٤ — (અર્થાત્, પોતાના સૌથી નજીકના સગાઓને ડરાવો. — સૂરઃ શુઅ્રા, આ.૨૧૪) અવતરિત થઈ, તો આપ ﷺ એ કુરૈશના લોકોને સંબોધિત કરતાં કહ્યું કે હે કુરૈશના લોકો ! આવો, પોતાના પ્રાણોનો અલ્લાહથી સોદો કરી લો. હું તેની પકડથી તમને જરા પણ બચાવી શકતો નથી. હે બની અબ્દે મનાફ ! હું અલ્લાહ સમક્ષ તમારા વિશે તદ્દન લાચાર છું. હે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ ! હું તમારા કંઈ કામ નહીં આવી શકું. (બુખારી)

www.uzairfalahi.com